# જાહેર જનતા જોગ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સરકારશ્રીનાં તા.૨૪-૦૫-૨૦૧૭ના રોજ, ક્રમાંક : જીવીએન-૨૦૧૭-(૦૬)જીવીપી-૧૦૨૦૧૭-૬૧૨-એફ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ "ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯" ની કલમ-૨ ની પેટા કલમ (૯) થી અગાઉ રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશ તરીકે જાહેર કરાયેલા ટીમરૂપાન, મહુડાફુલ-ફળ-બીજ તથા તમામ પ્રકારનાં ગુંદરને સરકારશ્રી દ્વારા બિન- રાષ્ટ્રીયકૃત જાહેર કરાયેલ હોઇ, "ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમીટેડ" ઉપરોક્ત ગૌણ વન પેદાશોનાં ખરીદ, વેચાણ તથા વાહતુક માટે એકમાત્ર એજન્ટ ગણાશે નહી, આથી આ અંગે "નિગમ" પાસેથી, સરકારશ્રી અન્યથા હુકમ ન કરે ત્યાં સુધી પાસ-પરમીટ મેળવવાના રહેશે નહી.

વધુમાં જણાવવાનું કે તા.૨૪-૦૫-૨૦૧૭ અગાઉ નિગમ દ્વારા કરવામાં આવેલ ગૌણ વન પેદાશોનાં વ્યવહારોને જે-તે ટેન્ડર તથા કરારનામાની શરતો મુજબ પૂર્ણ કરવાના રહેશે જેની નોંધ લેશો.

(સહી/-)

(મેનેજીંગ ડાયરેક્ટર)